શ્રી નવીન.

# મોહિની-ચંદ્ર નાટકના ગાયનો.

શ્રી શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રીના.

## શ્રી દેશી નાટક સમાજને માટે.

રચનાર,

મરહુમ સાક્ષર શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી

પ્રસિદ્ધ કરનાર.

ઝવેરી. ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

આવૃત્તિ ચોથી.



અમદાવાદ.

ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં
દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યાં.

સંવત ૧૯૬૦—સને ૧૯૦૪

કિમ્મત રૂ. ૦-૨-૦ (બે આના)

# જાહેર ખબર.

આ ઉપરથી જણાવવામાં આવે છે કે, શ્રી નવીન મોહિની-ચંદ્ર નાટકને નાટકના ગાયનોનો કોઇ પણ ભાગ, અગર કોઈ પણ ગાયન કોઇ માણસે અમારી રજા, સીવાય છાપવો, છપાવવો કે ભજવવો, ભજવાવવો, નહીં તેમ છતાં કોઈ પણ માણસ અગર નાટક કર્તાઓ વગેરે ભજવશે, ભજવાવશે, કે છપાવશે તો કાયદેસર ઇલાજ લેવામાં આવશે.

લી. ચંદુલાલ દલસુખરામ ઘોળશાજી. ઝવેરી.
શ્રી દેશી નાટક સમાજ.

**શ્રી શાન્તિનાથાય નમ:**

# શ્રી નવીન "મોહિની-ચંદ્ર" નાટકનો ટુંક સાર.

## અંક ૧ લો.

## શ્રી દેશીનાટક સમાજના પાલક પીતા મરહુમ સાક્ષર શ્રી ડાહ્યાભાઇ ધોળસાજીનું પ્રથમ દર્શન—

### મંગળા ચરણ.

**પ્રવેશ ૧ લો.** નવીન ગઢના નાગર ગીરધરરાયની કન્યા મોહિની, પોતાની માતા ગંગા આગળ કન્યાદાન સંબંધી ગીત; પાછળથી ગીરધરરાય મોહિનીનું સગપણ નાલાયક ધના સાથે કરી—દશ હજારની થેલી લઇ આવે છે; મોહિનીના વેવીશાળ સંબંધી વાતથીત, ગંગાનો પશ્ચાતાપ.

**પ્રવેશ ૨ જો.** ઇંગ્લીશ કેળવણી પામેલ ધનો, પોતાના દોસ્ત ટીકા સાથે મદીરા પીવામાં પાપ છે કે નહીં તે સંબંધી વાતચીત નવીનગઢની નાયકા ગુલજાર સાથે ધનાનો પ્યાર ને ધનાનો પરણવાનો વીચાર, પાછળથી નવાબજાદો તથા પીરૂ ગુલજારનું મોહિની તમને ચાહે છે તેવું, ભમાવવું, નવાબજાદાનો મોહિની તરફ પ્યાર.

**પ્રવેશ ૩ જો.** સાહેલીઓ સાથે મોહિની, ગરબો, પોતાનો બાપ દશહજારની લાલચે પોતાને ના લાયક પતી સાથે પરણાવે છે તેનો શોક, છેવટે શીવની સ્તુતી કરી લેઇ કુંડમાં ઝંપલાવવાની તૈયારી, બદ દાનતનો નવાબજાદો આવી અટકાવે છે બ-

બળાત્કારની તૈયારી, ચંદ્રરાયનું અચાનક આવવું, મોહિનીનો બચાવ, બ્રાહ્મણ, અણી વખતે મોહિનીની મદદની માગણી, ચંદ્રરાયનું વચન.

**પ્રવેશ ૪ થો.** નવાબજાદો પીરૂ સાથે, ચંદ્રરાય ઉપર ગુસ્સામાં વેર લેવા યુક્તિ. પોતાનો બાપ ક્યારે મરશે, તેનો વીચાર. સીપાઇ નવાબના હુકમથી નવાબજાદાને બોલાવવા આવે છે. શીસાઇની સાચાઇ, નવાબજાદાની લુચાઇ, નવાબજાદા તથા પીરૂનુ તરકટ ચંદ્રરાય મોહિની ઉપર બળાત્કાર કરતો હતો; તેનું તહોમત મુકવા ઠરાવ.

**પ્રવેશ ૫ મો.** ચંદ્રરાય નવાબને શીવમંદીરમાં બનેલી હકીકત જાહેર કરે છે. નવાબનું ગુસ્સે થવું, નવાબજાદાનું આવવું, નવાબ ત્હેં બળાત્કાર કર્યો એમ કહી તીરસ્કાર કરે છે. નવાબજાદાનું તરકટ કરી ચંદ્રરાય ઉપર ઢોળી પાડવું પીરૂ શામેલ, તર્કટી પુરાવા, નવાબની તપાસ, નીર્દોષ ચંદ્રરાય ગુન્હેગાર ઠરેછે; તર્કટી નવાબજાદો નીર્દોષ ઠરે છે; ચંદ્રરાય પોતાનું નિર્દોષ પણું સાબીત કરવા એક માસની મુદત માગે છે. નવાબની કબુલાત. નાચ—

**પ્રવેશ ૬ ઠો.** દીવાન, ચંદ્રને ઠપકો. ચંદ્રની લાચારી, અનીતીથી કુકર્મ કરી સાહ્યબી ભોગવનારને ચંદ્રરાયનો ધિક્કાર.

**પ્રવેશ ૭ મો.** ધનાનો બાપ અમુલખરાય, તથા તેની બેન દીવાળી વહી ગયેલા છોકરાનો પશ્ચાતાપ ને ધનાની પોતાના બ મરી જવાની નોટીસ.

**પ્રવેશ ૮ મો.** ગીરધરરાય દશહજાર લીધા તેની ખુશાલી, ગંગાની ઉદાસી મોહિની શરમાતાં જવાબ, ગીરધરરાય પોતાનાજ મતમાં લગ્નની તૈયારીમાં જવું, મોહિની ચંદ્રરાયને પરણવાનું પોતાની માને જણાવે છે. મોહિની બદલે ઓબડીને ધના-સાથે પરણાવવાનો પ્રપંચ.

**પ્રવેશ ૯ મો.** ગુલજારમોહિનીના સ્વરૂપનું નવાબજાદાને પુછેછે નવાબ જાદો ચંદ્રરાયપર કરેલા તરકટ માટે સલાહ. ગુલજારની સમંતી, ધનાને આવતો જોઇ યુક્તિથી નવાબજાદાને વીદાય કરવો; ધનો આવી ગુલજારને દાગીનાની પેટી આવે છે ધનાના લગ્ન સબંધી વાતચીત, 'રીસાવવું', મનાવવું', ધનો પરણેલ સ્ત્રીને ઉડાવવામાં સામેલ.

**પ્રવેશ ૧૦ મો.** મોહિની, ચંદ્રના પ્યાર માટે દીવાનના ઘર આગળ.ઉદાસીમાં, ચંદ્રની ધીરજ; મોહિનીની ચંદ્રપાસે પ્રેમની માગણી ચંદ્રનો પત્ની તરીકે સ્વીકાર દ્રઢ પ્રેમમાં, દીવાનનું અચાનક આવવું. બંન્નેનો તીરસ્કાર ચંદ્રરાયનું શરમ છોડી ખુલ્લા પડવું દીવાન ગુસ્સે થઈ ચંદ્રરાયને ઘરમાંથી કાઢી મુકેછે.

"ટ્બ્લો"

---

## અંક ૨ જો.

**પ્રવેશ ૧ લો.** લગ્ન મંડપ ધનાની સાથેઓબેડીનામોહિનીનાપોશાકમાં લગ્ન, પહેરામણી જાનની વીદાય ગીરી; ગુલજારનો મુજરો.

**પ્રવેશ ૨ જો.** હીરા મહેતાનું ઘર ગંગા તથા હીરો, પાછળથી મોહિની ને ચંદ્રરાય, હીરો મહેતો પોતાની ભાણેજ મોહિનીના ચંદ્રરાય સાથે ગાંધર્વ લગ્ન કરે છે. મોહિની—ચંદ્રની વનમાં વીદાય ગીરી.

**પ્રવેશ ૩ જો.** ધનાનું ઘર, ગુલજાર, ધનો, પીરૂ, ઓબડીને મોહિની ધારી ઉપાડી લઇ જવી.

**પ્રવેશ ૪ થો.** નવાબજાદાનું દીવાનખાનું, મોહિની આવવાની ખુશાલી ઓબડીને પલંગ સાથે લાવવી, મદદગારોને ઇનામ, મોહિની ને બદલે ઓબડી, ગુલજાર તથા મોહિનીને હંટરનો માર, પીરૂ વખત તેવો વેશ કરી નવાબજાદાને શાન્ત કરવો, ધના પાસે ફરીયાદ કરાવવા ઠરાવ.

**પ્રવેશ ૫ મો.** અમુલખરાયનું ઘર પાછળથી દીવાળી, મોહિની ગેબ થયાના ખબર, ગીરધરરાય તથા ગંગા હીરો મહેતો વગેરે સામ સામી તકરાર.

**પ્રવેશ ૬ ઠો.** નવાબ, નવાબજાદાનો ફરેબ. ચંદ્રરાય મોહિનીને લઇ નાસી ગયો એમ ઠસાવવું, નવાબનો દીવાનને બોલાવવા હુકમ, પીરૂ સામેલ, ગીરધરરાય, ધનો, અમુલખરાય વગેરે મોહિની સબંધી ફરીયાદ, નવાબની ચંદ્રરાયની ખોળ માટે નીકળવા તૈયારી, નવાબજાદો પોતેજ નીકળે છે.

**પ્રવેશ ૭ મો.** મધુવનમાં ઝુંપડી બાંધી રહેતાં ચંદ્રરાય તથા મોહિની અરસ પરસ અલૌકીક પ્રેમની પરીસીમા, પાછળથી પીરૂ નવાબજાદો, મોહિની તથા ચંદ્રને કેદ—

**પ્રવેશ ૮ મો.** નવાબની રૂબરૂ, નવાબજાદો બંનેને લઇ હાજર કરે છે, મોહિનીને જવાની રજા મળેછે. ચંદ્રને તોપને મહોડે બાંધી ઉડાડી મુકવા ઠરાવ, રેસીડન્સીના હુકમની રાહ—

**પ્રવેશ ૯ મો.** પીરૂ મોહિનીનેલઇજાયછે, નવાબજાદો આવી મોહિનીને નીક્ક્ષા પઢવાનું કહેછે.મોહિનીનો તીરસ્કાર, નવાબજાદો ગુસ્સે થઇ કેદમાં મોકલે છે. પીરૂની યુક્તિ મોહિનીની પાસે પ્રપંચી કાગળ લખાવવા ફરેબ—

**પ્રવેશ ૧૦ મો.** નવાબજાદો નવાબ પાસે મોહિની વટલીજવાખુશી છે, એમ ભંભેરેછે મોહિનીને કચેરીમાં બોલાવવી, દસ્તાવેજમાં સગાવ્હાલાઓની સહી, અમુલખરાયના દશ હજારની ભાંજગડ, દીવાવના કહેવાથી ચંદ્રને કચેરીમાંબોલાવવો, ચંદ્રની રૂબરૂ મોહિનીનાવેશમાંગુલજારના પીરૂ સાથે નીક્કા. નાચ—

---

## અંક ત્રીજો.

**પ્રવેશ ૧ લો.** ચોકીદાર સીદીઓની ગમ્મત મોહિની કોટનાકેદખાનામાં પતીને તોપે ઉડાડી મુકશે તે બાબતનો અફસોસ,ને પતીના મદદે જવા નીશ્ચય, શીયળ સાચવવા સારૂ નદીમાં પુરૂષને પોશાક પહેરી બારીમાંથી પડતું મુકતું.હબશાની નવાહજાદા તથા પીરૂ સાથે ગમ્મત નવાબજાદા તથાપીરૂવચ્ચે મોહિની માટે ઝગડો, અરસ પરસ ધમકી.

**પ્રવેશ ૨ જો.** ગુલજાર, ધનો પ્યારમાંવાંધો,ગુલજારનીબેદરકારી અને તીરસ્કાર, ધનાની લાચારી. અફસોસ—

**પ્રવેશ ૩ જો.** છાવણી. મોહિની પોતાના પતીને બચાવવાની આશાએ રેસીડન્સીમાં અરજી આપેલી તેનો જવાબ લેવા આવવું, ધનાનું નોકરી માટે અરજી લઇ દાખલથવું, મોહિની પાસે દશ રૂપીએ નોકર રહેવા કબુલ, રેસીડેન્ટ, કેસની તપાસ માટે નવીનગઢ મુકામ ઉઠાવવા હુકમ.

**પ્રવેશ ૪ થો.** હબસી, હબસણ ખુશાલીમાં,

**પ્રવેશ ૫ મો.** મોહિની બેરીસ્ટરના લીબાસમાં, ધનાનોઅફસોસપુરાવાની પેરવી, મોહિનીનો બેરીષ્ટર વેશે ચંદ્રને કેદખાનામાં મળવા નાશ્ચય.

**પ્રવેશ ૬ ઠો.** કેદખાનું ચંદ્રની ગમગીની મોહિની ઉપર તીરસ્કાર બેરીસ્ટરના પોશાકમાં મોહિનીનું આવવું ગુપ્ત રહી ચંદ્રના વીચાર સાંભળે છે ચંદ્રરાયની સાથે વાતચીત કેશની બારીકી ને બચાવ માટે તપાસ.

**પ્રવેશ ૭ મો.** નવાબજાદો, દીવાન, સાહેબ લોક સાથે બોલવાચાલવા વીશે શીખામણ.

**પ્રવેશ ૮ મો.** છાવણીમાં ઇન્સાફ, પાપીઓને સજા. સત્યનોજયઅને મોહિની—ચંદ્રનો હસ્ત મેલાપ છેવટનો આનંદ.

# મુખ્ય પાત્રોનાં નામ.

## સ્થળ નવીનગઢ અને પાસેનું જંગલ.

ચંદ્રરાય.... .........દીવાનનો દીકરો અને મોહિનીનો ભરથાર
નવાબ...................નવીનગઢનો.
દીવાન..................નવાબનો.
નવાબજાદો............નવાબનો પુત્ર.
પીરૂ.....................નવાબજાદાનો દોસ્ત.
ધનો....................અમુલખરાયનો દીકરો.
અમુલખરાય.........ધનાનો બાપ નવીન ગઢનો નાગર ગ્રહસ્થ.
ગીરધરરાય...........મોહિનીનો બાપ. ગદીબ નાગર
મોહિની................ગીરધરરાયની પુત્રી.
ગંગા....................મોહિનીની મા.
દીવાળી.................અમુલખરાયની બેન.
ગુલજાર................નવીન ગઢની નાયકા ધનાની રાખેલી.
હીરો મહેતો..........મોહિનીનો મામો
રેસીડેન્ટ બ્રાહ્મણો-સીપાઇઓ સીદીઓ વારાંગનાઓ-વગેરે.

श्री परमात्मने नमः

શ્રી નવીન.

# મોહિની–ચંદ્ર નાટકનાં ગાયનો.

સુત્રધાર— મંગળા ચરણ.

સરસ્વતિ ભગવતી માતુ દેજે શુભ મતિ.
ગુણ કથે. શું મંદમતિ વાણી થાકે વીન વતી—
માગુ સુમતિ માઈ ધાઇ
મ્હારે કોઈ અવર નથી
માતુ તુંહી ગતિ મતી— શરસ્વતિ.
સંસાર રણમાં બળી જળી માજીમતિ મુંઝાઇ જતી
પાયે પડું છું લળી લળી સૂજાડજે કાંઇ સન્મતિ,
દેવી નમામિ સરસ્વતિ— સરસ્વતિ.

નેપથ્યમાં-

"કન્યાદેવી દેવી વિચારી"

નટીઓ—ધન્ય લાખો ધન્ય સતી શીયળવતી નારને
ધન્ય સૃષ્ટિ સાર, ધન્ય પ્રેમના ભંડારને;
ચકિત થતા દેવતા પણ દેખી સતી દેદારને—
શાણી સતીનાર સુખમાં શૃંગાર શ્રાંતિ માર

શાન્તિ સુધા ધાર છે;
ગોરી પતિ પ્રાણુ, દુઃખમાં આધાર; પ્રીતમ હૃદય
હેત મણિ હાર છે
રસીલી બાળા—શાન્તિશાળા સતીનો
જય જય કાર છે.

મોહિની— ૧

કન્યા દેવી દેવી વીચારી-કન્યાદાન દેઇ એ વિચારી,
કન્યા રાંક ગાય બિચારી;
જુગતીરે જોડી જે જન બાંધે;
પુન્ય અલૌકીક તે નર સાધે;
બાંધે પુન્ય જગમાં વાધેરે વડાઈ;
બેટી દેતી આશીશ હૈયે હરખાઈ- કન્યા
લાકડે માંકડું જે જન સાંધે;
પાપીઆ પાપનું લગડુંરે લાધે,
પાપ પોઠ ભરે એ પામર કસાઇ;
કીડા પડી રીબી રીબી મરે પસ્તાઈ— કન્યા

ગીરધરરાય—ગંગા— ૨

બોલ અરે બેવકુફ જરા વિચારી;
અહીં તો નાણાંની વાત ભાઇ ભાઈ,

નાણા માટે દીકરીને નાંખતા કુવામાં
લાજો લાજો રે નફ્ફટ કસાઈ; બસ ચુપ
જોડલું અવિચળ રાખશે શ્રી હરી;
રાંડશે કે માંડશે તમારે શી પડી— ચુપચુપ
કોથળી કસાઈના પટારે છે પડી;
બસ ચુપ ચુપ–બોલ

ગુલજાર— ૩

અરે હું મસ્તાન પ્રેમની, મને કોઇ ન છેડોરે કોઇ
લાચાર હું બિચારી છું. શીદ લ્યોછો કેડોરે
જુવાનીથી દીવાની છું. મારો છોડો છેડોરે—છેલા.
પ્રાણદાન છે પ્રીતમાં, પુછી કરજો પ્રીત
પ્રાણ દાન તો સ્હેલ છે. કઠણ પ્રીતની રીત.
આધાર તું કિરતાર મારો પાર બેડોરે

૪

પ્યારા મારા પ્રાણ આધાર; પ્યારી પુકારે બસ પ્યાર,
વ્હાલા મારા હૈયાના હાર; તલસું તમારો દેદાર;
શ્યામ સલુણા રંગે રસીલા;
કામણ ગારા ભરથાર—પ્યારા.
યૌવન શ્રૃંગાર છો; જીવન આધાર છો;
પોપટજી ચતૂર સૂજાણ—પ્યારા.

૫

હાંરે લાવાં લાવી મહુરાં ખાનપાનરે પરાણે દે છે;
મેવા મિઠાઇઓ પકવાન તાણી તાણી દે છે—
હાંરે જોડી જોડી હૈયા ફુટા ઓ હાથ ફરતા ફરતા રહે છે;
ખમા ખમારે દીલદાર યાર જાની કહે છે—
હાંરે આવા આવા હૈયાફુટા હેવાન લાલા જીવતા
જયાં છે;
ભરપુર મારે ભંડાર રે કમીના શી છે—

મો—સા— ૬

ચોકને આંગણે ચાંદનીરે ખીલી રૂપેરી રંગ રંગરે
આવો સાંચેલી રંગ માણવા;
હૈયાં ખોલીને બેન બ્હેનરે વાતો કરી લ્યો વ્હાલની—
વ્હાલા વસે વીદેશમાં બાળા બાળે વેશ
સૈયર શાશા મોકલું શાણાને સંદેશ
કુંજલડીરે સંદેશો અમારો જઈ વાલમને કહેજોજીરે-
પ્રીતિ કાંઠાનાં અમે પંખીડાં પ્રીતમ સાગર વિના સુના
સુનાજીરે કુંજડીને વ્હાલો મીઠો મેરામણ
અમને અમૃત ખાણુ વ્હાલાં પ્રીતમ પ્રાણ—
સાહ્યબો મારો સુલક્ષણો, એંઠાં જુઠાં ખાય
ઘરની સુખડી નાગમે સોગન જુઠા ખાય

તમારા સમજો તમે મને વ્હાલા જુઠડા સમ શીદ
ખાઓછો જીરે પીયુ તમારૂં મનડું માને તીહાં જાઓછો
ધી જ્યારે ઘેળરઘેર રઝળેછે કુશકા ખાવાને
ધકકા ખાઓ છો જીરે
સોળ વરસની સુંદરી, સ્વામી વરસે સાઠ,
મોઢું જોઇને મોહી રહયો લાડકી ડરતી લાડ,
પગમાં કાંટો વાગ્યો નહીં રે જીવું હું તો નહીં રે
જીવું મારી સગી નણંદના વીરહો રાજ–
તેડાવજો મારા આપાજીને જોગી જતીને તેડાવેજીનહીં રે—

મોહિની— ૭

સુંઝાણી મધ્ય દરીએ ઘેરાણી, શામળીયાતું ધણીરે;
આશરો અવર નથી અકળાણી, શામળીયા તું ધણીરે;
પાળીપોશી ગાયને ધરે કસાઇને હાથ;
પાલકને કહેવાય શું ન્યાયી ત્રીભુવન નાથ;
કાંઈ ન સુઝે શ્રીહરી, હરી તું કરે તે ખરી;
હ્રદયના ભેદુ જજો ગત જાણી શામ.
વેલ ઉછેરી વ્હાલથી છેવટ છુંદે આપ
જગવત તેનું ભલું કરો જીવો ઘણું તે બાપ.
કરમની કયાંજઈ કહીએ કાણી. શામ.

ન–મૈ– ૮

ધીરી ધીરી, સુંદરી જરા ધીરી;

તારા વાંસે લીધી છે ફકીરી-
નયન મીલાવો પ્યારી હસી બોલાવો;
આપીશ આખી અમીરીએજી
રૂપે રીઝાવું કે તો સોને મઢાવું.
દુર કર તું દીલગીરી-એજી
ધીરા ધીરા, કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા ઓ વીરા
જેવી પોતાની તેવી નારી પરાઇ
પર સ્ત્રી પરભવની પીડા—
રાવણુ રોળાણો દુરયોધન દબાણો,
કીચકના થયા ચીરા—

મો-ચં— ૯

પર દુઃખમાંહી ભાગીઆ; વીરલા જગમાં જાગીયા
પ્રભુ શેઠે જગ ચોકમાં, માંડી ધર્મ દુકાન.
દયા ચીઠી ચુકાવવા, નોકર હું નાદાન
કુંજર કદી કાદવ ડુબતો ગજરાજવીના કોણુ ઉદ્ધરતો,
નીજ પ્રાણુ પરવા પર હરતો, પર પ્રાણુની રક્ષા કરતો
દીન જન ભીડ ભંજન ધન્ય ધન્ય.—

ચંદ્ર— ૧૦

લે વચન (૨) લજા રાખે ભગવાન સહાયક તે ધણીરે;
છે વચન (૨) પરમારથ કારણુ પ્રાણુ તરખલું લઉં ગણીરે,

વિના વિનંતી વાદળ વરસે હરદમ ઉગે ભાણુ બાળા—
તરૂવર ફળતાં–સરવર ઢળતાં, કોણુ કરે છે તાણુ—
વીર વિક્રમ વિદેશ ભટકયા, શું લેવાને લ્હાણુ—
તન ધન અરપે પર ઉપકારે, ચાતુર ચતુર સુજાણુ—
પર ઉપકારીની બલિહારી જીવ્યુ તેનું પરમાણુ—

નવાબજાદો— ૧૧

બસ કુરબાન આખું રાજ ને આતાજ પણ કુરબાન
ગોરા ચહેરા ઉપર જાન છે કુરબાન
શીનેનની કમાન, ધારી મારી ખેંચે પ્રાણુ, શાણુા શુરવીરોના પણ મુકાવે માન—
મુકી સરદારીનું કામ, બંદાગોરીના ગુલામ, એની દીલદારીમાં તાબેદાર તમામ—
બીજું જોઇએ નાઈનામ, વળી ઠામ અને નામ, એપરીને હું ગુલફામ—
મોહીની મુરત સોહિની સુરત ગાલે ગુલે અનાર
જો પામું એ નારી ચીતવન હરનારી સફળ ગણું અવતાર—

વારંગના— ૧૨

ઝટ શ્યામ સલુણા ઘર આવોરે;
હવે નાથ વધુ—ના તરસાવો આવો
અંતર પટમાં રહી અલબેલા;
થન થન મનડું નચાવો. આવો—

ચંદ્ર— ૧૩

કાળાં ધોળાં કંઈ કરોડો કરી સરદાર કેહેવાયા,
લાખોને કૂટી લુંટી ધુતી મ્હેલ માળા બનાયા,
ધર્મ નીતિને છેક ડુબાવ્યા રંક દબાવ્યા--
માયા મદીરા મસ્ત બની મનમાં મલકાયા,
અક્કડ ફૂક્કડ છેલ થયા ઘેર ઘેર ગવાયા,
લક્કડ ધક્કડ લેજમ રાયા, બહુ ગભરાયા--
મ્હેલ ઝરૂખા માળીયા બાવલાને પાળીયા;
કાળ ઝપાટા લાગીયા, કયાંય વેતાં ચાલીયાં
પાપી રાંક હાય ખાસડાંજ ખાય.
ખાલી હાથ જાય, હાડ હાડ થાય--

અમુલખ— ૧૪

આવા નામના ડુબાડુ પુત્ર નામના, હોય ક્રોડ કદી તોય શા કામના,
એતો ધાડ પાડુ જનક ધન ધામના, છેદે જનુની જોબનનાકામના,
અસંખ્ય તારા આભમાં, ઉગ્યા નાવે કામ;
એકજ ઇંદુ જગતનું, ટાળે તીમીર તમામ;
તેમ કુટીલ કરોડ પુત, પાકયા નાવે કામ;
કુળ ઉજાળણુ હાર છે, એક સપુત ગુણવાન;

મોહિની— ૧૫

આશું બોલો આશું બોલો રે પિતાજી આશું—
આખી જીંદગી એળે જાય, છતાં ધણીએ રંડાપો થાય

ચંદ્રવિનાની ચાંદની, જીવવિનાની કાય,
જુવતી જુગતી જોડી વિનાની, જગમાં ઝોલાં ખાય
હીરા મોતીને ઓઢેકે પાથરે બાળા બાફીને ખાય;
પ્રેમ નદીની માછલી વૈભવ સાગર પાડે કાય—
નયનનું નીર ને હૈયાનું હીર, નણંદીના વીર ગણાય;
પર ઘર પેંધે પીયુ પંખીતો, પંખીણીનું શું થાય;—

૧૬

કરૂણાના સાગર; નટવર નાગર વ્હારે ચડો વનમાળી;
ગુણ રત્નાગર, દેવ દીવાકર, પંખીણીઓ સપડાવી,
ઘેરાણી પંખીણીરે, કાંઈ નસુજે થર થર ધ્રુજે
પાર પાડો પુન્ય શાળી—
વેલી વીંધાણીરે કોઈ બચાવો; આવોરે આવો;
પર દુઃખ ભંજન માળી——

ગુલજાર— ૧૭

રાજા તારા નેના લાગે છે આરપાર રે
લાગે છે આરપારરે દીવાના દીલદાર રે
કારીકટારી નાજુક બદન નારી
કઠણ કટારીનો છે માર રે
નેનોની મારી બની બીચારી
કોનો લાચારને આધાર રે—

૧૮

ધના-શ્રુ--

મારી નાજુકડી કોયલડી, શાને મો મરડી બેઠી;
તારી અણીઆળી આંખલડી, ઉંડી થરડાઇ પેઠી;
અરે બોલ, અરે બોલ, જરા બોલી તો બતાવ;
અરે જાઓ, અરે જાઓ, મને વધુના સતાવ—
કમળ કોમળ મધુરીમાળા, મધુર મંજુલ મદનની શાળા;
મદ ઘેલી માનુંની અરે જાઓરે જાઓઉ.........

૧૯

ગુલઝાર--

મને મુખડું દેખાડો બોલો મોહન, તારા બોલ હું વારૂં તન
મન ધન;

રે રસિક રટીએ તારૂં રટણ અરે પ્યારાજી ન્યારા કયાં થતા—
પ્હેલાં પ્રીત ચખાડી પ્રાણજીવન, કરી હાલ બેહાલ લાલ કયાં
જતા;

- તાર
કસમ મહેર બતાવો ફેર સજન કરી વાયદો વ્હાલા કયાં જતાં;
તારે રે નેન મીલાવે, પ્રેમ શીખાવી; આતુર ચાતુર કયાં જતા;
કસુંને લગન લગાડી મગન બનાવી, લ્હેરી લાલા કયાં જતા;
તારમેવા મીઠાઇઓ પાન ગુલાબ શરબતને અતર શું કરૂં;
મારા લાલના નાજુક નેણ જતાં, બેહાલ લાલા હું મરૂં—

૨૦

મોહિની—

સંતવિના કોણ પંથબતાવે; પ્રભુ;
દુઃખીઆરીની દાઝ ઓલાવે—

નિર્ધનીઆને કોણ બોલાવે
હાડ હાડ કરી સહુકો સતાવે—
ઉલટ સૂલટ છે જગની ગલીઓ
નીર્ધન કેમ વટાવે;
અંતર દુસ્મન થઇ અકળાવે; પ્રભુ;

મો--ચં—　　　　૨૧

શાંણા શાનેચમકો છો, આતો અર્પણ કરૂંછું પ્રાણ;
આતો અઘટીત થાતું; જગમાં જશાનું થશે નુકશાન;
નોધારીનો કર ધરી, વીર કરોને વાર;
તુમ દર્શન વીણ આંધળી; તરછોડે મરનાર
વૃધ વડીલનો હુકમ લેવા દયોને;
ઝાઝી ચાલાકી' મારા ચતુર જવાંદયોને;
આશાને અંધારે બાળા બહુ રખડી; બહુબહુ રખડી
જગમાં થાશે મશ્કરી; ભલે થવાનું થાય;
તુચ્છ જગતને કારણે; અનાથ રખડાવાય;
વલખાં નાહક વીણો છો; રમણ રંગીલા મારા;
તાત જાણે તો મારા, રેવાદયો રસીલા ચાળા;
ન્યારા ન્યારા હવે શાના રહો સરદાર;
છાનાં છાના શાણા મારા શીર શ્રંગાર;
ધન્ય ધીર વીર નાર; વાહુરે ભોળા ભરથાર—

પ્રા-ચ— ૨૨

રસીક મન માન્વા સંગે, સફળ જન્મારોરે;
પનોતી પદમણી સંગે, અરે દીન ઘેર મારો રે—
કંથા સાથે કંથજી, શું પરહરશો શાલ;
પ્રેમ વીના હે પ્રેમદા, શાલ સમજીયે સાલ;
પ્રીતમજી જાળવી કરશું, પ્રીતિ રસ કયારોરે—
આ ભીખારણ કારણે, કરશો જંગલ વાસ,
વંન વગડે અલમસ્ત રહે, મસ્ત પ્રેમના દાસ,
હંસણી ચતુર નહીં ચુકે મોતીનો ચારો રે—

ગાનારીઓ— ૨૩

અજાણી ધરતીમાં રે ઢોલાજી મારૂં કોણ સગું મારારાજ.
રે લાડો લાલ ગુલાલ, હાંરે લાડી ચતુર સુજાણ;
કસબીએ કોરે રે લાડોજી લાડી મોહી રહ્યાં;—મારારાજ
તારે માથે મોળીયાં બંધાય (૨)
કસુંબલ રંગેરે સોનેરી સાડી સંગેરે—લાડોજી લાડી મોહી
તારી આંખે સુરમો અંજાય રહ્યા—
આંખોને ફરૂકેરે, લાડીજી કેશ લટકેરે, લાડોજીલાડીમોહીરહ્યા
ઘનોભાઇ રંગના ભીના હાંરે ભાઈ રંગના ભીના;
કસ્તુરી કેશર ઘોળી સંગ પીઠે પીઠી ચોળી;
સગા જોઈ સુખી થયાં માહારાજ—

નાચનારીઓ—　　　　૨૪

સૈયાં તોરી બતીયા નમાનું રે
નમાનું નમાનું નમાનું રે—
હમરી ગરજકો મુખસેં ન બોલો;
અપની ગરજકો લગાલીનો છતીયાં;
દરસકો તુમરે તરસ રહેથે
ચેન નાપાવે મોરાજીયા દીનો રતીયાં—

ગાનારીઓ—　　　　૨૫

અમે ઈડરીઓ ગઢ જીત્યાંરે, આનદ ભયો,
લોક કે'શે કીયા ભાઇ ચાલ્યારે; આનંદ ભયો,
ધનાભાઈ પરણીને ચાલ્યારે; આનંદ ભયો;

ગંગા—મો—ચં—　　　　૨૬

મારી લાડકડીની લજ્જાને સંભાળજો રે;
આ પાંખ વીનાની પંખણીને પાળજો રે;
બેઉ ચતુર સુજાણ છો શું કહીએ,
તોય દંપતીને આશીશ દઈએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભારજો રે—
મધુરા મંત્રેથી પાપ લુટારા મારજો રે
નિર્મળ મતિ જળથી, લ્હાય અનિતી નીવારજો રે—
જળથી છુટે માછલી, નોધારી લાચાર
ગભરાતીના ગુણવતી, વિશ્વપતી છે વ્હાર—

નવાબજાદા— ૨૭

આવશે પ્યારી આવશે પ્યારી, આવશે રે
અહો હોહો હૃદય મણી પદમણી પધારશે'રે—
હીરા મંગાવું કે, મોતી મંગાવું, પ્યારીનું મન શે, માનશેરે—
માળા મંગાવું કે ગજરા ગુંથાવું, સુંદરીને શું ફાવશેરે—
ચંબેલી લાવું કે હીનો લગાવું, રસીલી શાથી રાચશેરે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશેરે—

નવા—પી:— ૨૮

તમે બોલો (૨) છીત, છીત, હળવેથી
એકદમ અકળાવે સાર નથી;
હળવે ઘુંઘટ પર ખોલો; કાંઈ નરમ મરમમાં બોલો—
હૈયું ઉછળે, મનડું ટળવળે, બસ કયારે મળે,
રહેશો લટકી, જાશે ભડકી,
જાશે છટકી, કરશો કડકી;—
પ્રીત રીત સમજે શું ગોલો,
બશ જા નહીથા બહુ બોલો,
ચંપક વરણી, ઓહો મૃગનયની, હે મનહરણી—

નવાબજાદા— ૨૯

અલી બોડકી બોલ રાંડ કોની તું છોડી,
અરે બોલ, એં એં—અરે બોલ એં—એં.
તારૂં માથું ગપેડી દઇશ ફોડી—

બનડા બનીને આવ્યા, તેલ ફુલેલ ચોળી;
પલંગ સંભાળું ત્યાંતો પ્યારીને બદલે;
નીકળી આ બોબડી-એં એં
તારી તાલકી નાંખીશ તોડી—

ગી-ઝં-અ-દી— — ૩૦

હાય હાય હાયરે દીકરી જાય; જાય જાય ચોરી ફેરાફરી જાય;
હાય હાય કંચન કોથળી હાય; આવી જેવે તેવે પંથે પળી જાય;
જાણીઓ જાણીરે ન્યાયરે ન્યાય, ઢોંગે નહી ધન હજમ થાય;
હાયરે વેવાઇ; હાયરે જમાઇ, હાયરે કમાઇ-હાયરે હાય—

બેહિની— ૩૧

કાયા કેતકી વિલાસી, ભોળા મારા ભમરા;
આવો ઉરના ઉલ્લાસી, મારા ડાહ્યા ડમરા;
ગુણિયલ મેં ગુંથી રાખ્યા, હારને ગજરા
મનડે તો માણી મુકયા, મોહનજી મજરા—
નયન માંહી તો દીસે, શ્રાવણ ભાદરવો;
અંધ બની પંથ સુઝે ન આદરવો;
વાટો જોતાં જોતાં વ્હાલા, ઘાસી ગયા ઉમરા—

૩૧

પીયુ બોલોરે વ્હાલા બોલોરે
પીયુજી આવીને શું પાછા વળયા—
સુરત ચુકયા શું મનમોહન, ભોળા ભમાવ્યા શું કોઇ ભુંડીએ

છાના છાના છેલા આવી મળો
તનમાં છે લાગી રસીક તાલાવેલી, બાળા હું પીયુજી
કરૂં ક્યાં પુકાર—વ્હાલા લગાર વીચાર કરો—પીયુ.

૩૩

આવો રસીક મનોહર મંગળ સુરતી શામળા રે;
વિહ્વળ વ્યાકુળ વાલમ વીણ, આ બાળા પાતળા રે;
તનડું તણુખ તણુખ તુમ દર્શન વીણુ કોડામણા રે;
અંગત, સંગત, રંગત, પલક ન તજશું સોહામણા રે,
નટખટ નેહ ભરેલા, નયણે, હું લલચાણી રે;
તરશી તરૂણ વેલી, માગે દર્શન પાણી રે;
પ્રીતમ પ્રીતી માળા, પેરાવું પ્રભાતમાં રે;
અરપું યૌવન કલગી, હોંશે સ્વામી હાથમાં રે—
ચંદ્ર—

૩૪

ભુતળ રૂપ તણો તું નમુનો;
સ્વામી વીના પણ એ સુનોઃ સુનો;
વ્હારે ભણી ગણી રે બાળા; વ્હારે બણી ઠણી રે બાળા;
કેવી ઉમંગ સાગરમાં ડુબી;
કે લખપતીને લેવાડી તુંબી;
લખપતી પામ્યો દીવ્ય ખજાનો;
ઇન્દ્ર ભુવનની મોજ મજાનો;
વ્હારે સલુણા સુજાણ વ્હાલા;

મો-ચં— ૩૫

ભવરણુ માંહિ ભામા, વાલમનો વિરામ;
સતી સુલક્ષણી શ્યામા; અંતરનો આરામ;
સંસારના સંતાપે, તપેલા પરીતાપે શીતળ કરી સ્થાપે જાણું
રમણી ચંદ્ર મણી એ..............વ્હાલી વાણી અભીરામ.
સ્યામાઓ વિશ્વમાં, ગુપ્ત વિસામા,
હીણુ ભાગી હૈયા ફુટા અંધને નકામા;
વ્હારે બીસામાના ભેદુ શામળીયા શ્યામ—
કમળ નયન કંચનના કટોરા;
ભરી ભરી પ્રીતી રસ પાતી રે મધુરાં
વ્હારે, વ્હારે, વ્હારે, વ્હાલી વ્હાલનો વિશ્રામ—

મો-ચં— ૩૬

સીધારો સ્વામીજી ગમન ગોરી જવું
ફરમાવો હુકમ હું દાસી વણુ મુલની
સુંદરી આધીન તારે સેવક સાચો મણી
એશું બોલ્યા પ્યારા મારા જીવન હારા નેના તારા
જાઉ વારી—પ્રીયા પ્યારી—

ચંદ્ર— ૩૭

મનની મનમાં તનની તનમાં રાખી પ્રભુએ મારા મનની મનમાં
શું શું ધાર્યું થઇ ગયું આશું. ધાર્યું ધણીનું પાર પડેલું.
કહેવત જગની સાચીજ ઠરશે પાપ પ્રજળશે. સત્યજ તરશે

મોહિની— ૩૮

મને કોઇ મેળોરે, મારો દીલ દેવળનો દીવડો
હાયરે ધુતારાએ નાથ ફુભાવ્યારે પીયુ મારો સુઘડ
ગરીબડો—(૨)
જો કોઇ મીલાવે તેને,મેં માગ્યું આપું, આપું જો
માગે મારો જીવડો—(૨)

નવાબજાદો— ૩૯

પ્યારી વાતો મધુરી કરો પ્યારની કાંઈ ખાતર કરો
દીલદારની—
હયોને લેજત જોબનના શ્રંગારની, બોલોબોલ બાલા
મદનના બહારની—
ઘુંઘટખોલો બાળા બોલો,દીવાની જુવાની દીનચારની
સુણો વાતો સુણાવું વેવારની,બીકરાખો ખુદાનામારની
બધી ગદ્ધા મસ્તી આ સંસારની, નહી ચાલે હજુર
કીરતારની—
જમડા ઝાલે પુરાપછાડે, દેવાનીનાદાનીઝુકોપ્યારની—

દરબારીઓ— ૪૦

જ્યાં સુધી ગગન સુરગણુ ઉડગણુ ગણુ રવીશશીરાજી
રહે પુરણુ પ્રકાશતા.
ત્યાં સુધી બીરાજો રાજા અચળ અમલ પદે વીમળ
વીમળ વીજય ત્રણુ ભુવન વીકાશતા—

બારાં— ૪૧

સૈયાં સલુના જાઓ ખાઓગે ગાર
ખાઓગે ગાર સૈયાં ખાઓગેગાર—
આસ બસે જાય રાત સોતન સંગ,
છુને નહી દઉંગી અબમેં લગાર—
બબુલ બેઠે જાઓ ભમરજી
ભોર ભયો દીયો મોહે દેદાર—

મોહિની— ૪૨

આ દુઃખીઆરીની જાણે દાઝ હાયરે પ્રભુ રાખો લાજ—
આશાના સ્વપ્નામાં રમતીતી; ભમરી ગાનમાં ભાન ભુલીતી
બાપલડી અધવચમાં લુટાઇ ગઈ;છુટયાં સંગી સુખ શાજ—
દુઃખના ડુંગર પર અટકી રહી;
એકે દીશા ઇશ સુજ પડે નહી;
કોણ ગતીઆ રમણી હરણીની; હે પ્રભુ ગરીબની વાજ—

પીલૂ— ૪૩

વાહ રસીલી વાહ વાહ છબીલી વાહ;કેવી શોભે રંભા
આ રૂપાળી;
વાહ મરોડ વાહ જુગતી જોઠવા; કેવી બાળા મસ્ત
છે મદ માતી

ધીરે ધીરે જાગો મન માની મોજ માણશું;
રાત દીન રંગ રાગમાં રશીલી ગાળશું;
તું ઉસ્તાદ મારી પ્યારી જાન;
સાગરીત ભુલતો સઘળું ભાન;
હવે ઉઠો, પ્યારી ઉઠો; અરે ઉઠો, રસીલી ધીરે ઉઠો

નવાબજા— ૪૪

અહાહા માનુની શું મદમાતી છેલાનું કેવું ભાગ્ય;
મળી ગયો કેવો અલૌકીક લાગ—
જોબનવંતી ને ઉતકંઠીણી ખુદ પરી અવતાર અહાહા—અહાહા
ગુલાબી ગાલના તલની ખાતર રાજ સહુ કરબાન,
ચંપકવરણી ચુંબન કારણ આજ સમર્પણ પ્રાણ;
મળી ગયો કેવો અલૌકીક લાગ અહાહા

ગ ધ.— ૪૫

હ વાહ મન મોહની નાર તમે છો ચતુર સુજાણ
કરૂં કરૂં હું તારાં રૂપ તણાં શા શા રે વખાણ
પ્યારી પ્યારી દીલદાર તું તો હૈયાનો હાર
અરે ના સતાઓ મને જાઓ જાઓ જાઓ;
કામને આધીન થઈ બહુ ભુલતા
પ્યારી પ્યારી દીલદાર તું છું હૈયાનો હાર; કહ્યું મારૂં
તું માન અરે માન માન—

સુ-૫— ૪૬

લવ લવ કરતો રહે ચૂપ બબુચક ગદ્ધા.
ગુલજાર રસીક દીલદાર, ઉઠાવો બુલ બુલ પરથી શ્રદ્ધા ચુપ
કર ગદ્ધા ના ગદ્ધા;
કરગતો જાતે પોતે; દીલદાર રસીક વર સુંદર
વાહ સીધી જેવા સુંદર; રે પુંછ વીનાના બંદર
શું આજ કરો છો ધંધા; જી આપ હુતા શું અંધા,
ફ્ટ ફ્ટકેલીના ફંદા ચૂપકર ગદ્ધાના ગદ્ધા--
રોકડ દીધી રોજીંદા
જી રોકડના અમે બંદા,
લાજી મર કુલટા રંડા, ચપ કર ગદ્ધાના ગદ્ધા;

સી. ફા.— ૪૭

કયા છે અમારી શાન વાહ.
ચંદર મેં હું અંદર મેં હું ઉઇ ઉઇ ઉઇ અહાહાહા.
દેદેદેદે એક બોસા; રેરેરેરે યે કીયા કયા.
કયા કયા હુવા હુયે કયા; જાજા મુવા હુયે કયા હાહાહા.

મોહિની— ૪૮

સ્વામી વીના સુની; બાળા અહીં ઉભી; ઘણી અકળાઈ છે;
વાડ વીના વેલી, અતી કચરાઇ, ઘણી કરમાઈ છે;
રણી ધણી કોઇ આવે નહીં આ વારે બાળાં ઘણી બેલી ઉભા

અકળાએ; પ્રભુજીના ખોળે ગોથાં ઘણાં ખાયે
આશરો તમારો શામળીઆ, શાણા હવે હદ થઈ છે. સ્વા-

૪૯

કરમ કરે તે કોઈ ન કરશે મુરખમથી મરશે;
ભલે બાંધીને નાંખો સાગરમાં કર્મે તાર્યા તરશે
ઘંટીના ગાળેથી પણ જીવ કરમે ઉગાર્યા ઉગરશે;
સુખ દુઃખ શાળાના કર્મ એતાથી ઠોઠ નઠોર ન ઠરશે—
।તામાં ભુલે જીવ મુસાફર; સફળથાએ કેમ પછી સફર
.પળ ગતીના વચમાં છે ચકર, વાટમાં વસમી ઝીલવી ટકર,
વીરલા નર તરશે—

ચંદ્ર— ૫૦

સંસાર ઝેરનો પ્યાલો સમજીને, જગનાથ જીવડાતું ભજીલે;
વીકાળ કાળને ફાંસે ફસાતાં, ડહાપણ તારૂં નહીં રહે;
'સારને રૂડે રસોડે દેવતા દુઃખનો ભર્યો;
પેઠો વીષય દુધલાલચે તો મન બીલાડા ઠાર મુઓ;
સાચેન સુખનો રોટલો છે પાણીમાંનો છાંયડો;
કુતરા ચુકે કરમમાં હાડકાનો હાયડો;
નીસાર જગતમાં સુજાણ સમજ નથી લગાર સાર
ધાવણની આશે અંગુઠો ધાવે બાળક ગમાર
કપટ ઝપટમાં ફોગટ ફસાતાં થશો ખુવાર
સુકૃત ગુફામાં જડે રતન જતનથી કરો તપાસ---

૫૧

સત્ય સહાયક, હે જગનાયક, કરજો જયજયકાર,;
જગ સુખ દાયક, દંપતી લાયક, હોજો દ્વારે દ્વાર
વીણા ધારીણીમા,
ભગવતી, ગુણવતી, રસવતી, સરસ્વતી;
ભવ ભય હારક, વિઘ્ન વિનાશક, ભરપુર દે ભંડાર—

સમાપ્ત.